iNDEXTb Computer Centre
Inward No. 25
Date 4/6/2014

બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા
શૈક્ષણીક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર તબીબી
મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ - ૧૧૧૩ - ૮ - ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૬-૦૫-૨૦૧૪

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૨૦-૦૨-૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક : બમશ - ૧૧૯૮ - ૫૭ - ગ.

(૨) નાણા વિભાગનો તારીખ ૦૩-૧૦-૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક : પગર - ૨૦૧૨ - ૩૪૫ - ગ

ઠરાવ :-

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) ના તારીખ ૨૦-૦૨-૧૯૯૮ ના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને પ્રતિ માસ ₹ ૧૦૦/- તબીબી ભથ્થુ આપવાનો નિર્ણય લીધેલ હતો. તબીબી ભથ્થાના દરમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે તારીખ ૦૧-૦૩-૨૦૧૪ થી અમલમાં આવે તે રીતે બિન સરકારી અનુદાનીત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને હાલ મળતા પ્રતિ માસ ₹ ૧૦૦/- ના તબીબી ભથ્થાની રકમ વધારીને ₹ ૩૦૦/- (રૂપિયા ત્રણસો પૂરા) પ્રતિ માસ કરવાનું ઠરાવવામાં આવે છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) ના તારીખ ૨૦-૦૨-૧૯૯૮ના ઠરાવની શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૦૪-૦૨-૨૦૧૪ના તથા સરકારશ્રીની તારીખ ૦૩-૦૩-૨૦૧૪ની નોંધ થી મળેલ સંમતી થી બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

(નિલેશ ત્રિવેદી)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.